सत्यमेव जयते

દાખલ તારીખ	:	૦૧.૦૫.૨૦૨૪
નોંધ્યા તારીખ	:	૦૧.૦૫.૨૦૨૪
ફેંસલ તારીખ	:	૧૬.૦૩.૨૦૨૬
સમયગાળો	:	વર્ષ માસ દિવસ ૦૧ ૧૦ ૧૫

ખેડા જીલ્લાનાં મે. ચોથા અધિક સેશન્સ જજ સાહેબની અદાલતમાં, મુકામ:– નડીયાદ.

ક્રિમીનલ અપીલ નં. ૨૩૬ /૨૦૨૪

આંક – ૩૨

<u>એપેલન્ટ</u> :– વિજયકુમાર ભીખાભાઇ બારૈયા
મુળ આરોપી ઉ.વ.૨૮, ધંધો: નોકરી,મજુરી
રહે. ગાયત્રી નગર,મરાલા,
મુ.પો.લીંબાસી,તા.માતર,જી.ખેડા.

વિરુદ્ધ

<u>રિસ્પોન્ડન્ટ</u> : નં.(૧) દેવાભાઇ સવાભાઇ ભરવાડ
મુળ ફરીયાદી ધંધો : ખેતી,વેપાર
રહે. બરોડા,તા.માતર,જી.ખેડા.
નં.(૨) સરકારશ્રી

ક્રિ. પ્રો. કોડની કલમ–૩૭૪ (ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૧૫ મુજબ) મુજબ અપીલ.

એપેલન્ટ: તરફે વિ. વ. શ્રી એસ.એમ.ચૌહાણ

રિસ્પોન્ડન્ટ નં. ૧: તરફે વિ. વિ. શ્રી એન.જે.પટેલ

રિસ્પોન્ડન્ટ નં. ૨: તરફે વિ. પી. પી. શ્રી ડી. આર. બારોટ

|| ચુકાદો ||

(૧) હાલના એપેલન્ટ/મૂળ આરોપી દ્વારા હાલની અપીલ માતરના વિદ્વાન જ્યુ. મેજિસ્ટ્રેટ ફ.ક. શ્રીએ ફોજદારી કેસ નં. ૫૬૮/૨૦૨૨ ના કામે એપેલન્ટ/આરોપીને 'ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ'ની કલમ–૧૩૮ હેઠળ દોષિત ઠરાવી, રૂા.૭,૦૫,૦૦૦/–નો દંડ ફરમાવવામાં આવેલ તેમજ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭(૩) અન્વયે આરોપીએ આ કામના ફરિયાદીને વળતર પેટે રૂા.૭,૦૦,૦૦૦/– ચુકવી આપવા અને બાકી રહેતી રકમ સરકાર ખાતે જમા કરવાનો હુકમ કરેલ. જો આરોપી વળતરની રકમ ચૂકવવામાં કસૂર કરે તો વધુ છ(૬) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેલ છે. જે હુકમથી નારાજ થઈ એપેલન્ટ/મુળ આરોપીએ ક્રિ.પ્રૉ.કોડની કલમ–૩૭૪ (ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૧૫) મુજબ હાલની અપીલ કરેલ છે.

(૨) <u>ટ્રાયલ કોર્ટ સમક્ષની કાર્યવાહી</u>:

(સરળતા ખાતર હવે પછી એપેલન્ટને "આરોપી" તથા રિસ્પોન્ડન્ટ નં.૧ ને "ફરિયાદી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે). સદર કામે ફરિયાદી દ્વારા આરોપી વિરુદ્ધ ફોજદારી કેસ નં. ૫૬૮/૨૦૨૨ દાખલ કરેલ. સદર ફોજદારી કેસની ફરિયાદની ટૂંકમાં વિગતો નીચે મુજબ છે:

(૩) ફરિયાદની ટૂંકમાં હકીકત:

''ફરીયાદીએ હાલની આ ફરીયાદ આરોપી વિરૂધ્ધ વટાઉખત અધિનિય ૧૮૮૧ ની કલમ ૧૩૮ તેમજ ૧૪૨ હેઠળ દાખલ કરેલ છે જે ફરીયાદની ટૂંકમા હકીકત નીચે મુજબ છે :–

આ કામના ફરિયાદી તથા તહોમતદાર એકબીજાને સારી રીતે ઓળખતા હોઈ તેમની વચ્ચે મિત્રતાના સંબંધ બંધાયેલા હોઈ તહોમતદારને મે–૨૦૨૨ માં ધંધાના કામે નાણાંની જરૂર હોઈ

તહોમતદારે ફરિયાદી પાસે રૂા.૨,૫૦,૦૦૦/- ની હાથ ઉછીના નાણાંની માંગણી કરતા ફરિયાદીએ આરોપીને રૂા.૨,૫૦,૦૦૦/- હાથ ઉછીના રોકડા આપેલા. ત્યારબાદ જુન-૨૦૨૨ માં આરોપી ફરીથી ફરિયાદીના ઘરે ગયેલા અને ફરિયાદીને જણાવેલ કે તેમને ધંધા માટે બીજા રૂા.૨,૫૦,૦૦૦/- ની જરૂરિયાત ઉભી થયેલ છે નાણાંની વ્યવસ્થા કરી આપો તો ફરિયાદીએ બીજા રૂા.૨,૫૦,૦૦૦/-આરોપી ઉપર ભરોસો રાખી હાથ ઉછીના રોકડા આપેલા. ત્યારબાદ જુલાઈ-૨૦૨૨ માં આરોપીએ ફરિયાદી પાસેથી ધંધાના કામે રૂા.૨,૦૦,૦૦૦/- હાથ ઉછીના રોકડા લીધેલા. ત્યારબાદ કુલ્લે રૂા.૭,૦૦,૦૦૦/- ફરિયાદીએ આરોપી પાસેથી ઉઘરાણી કરતાં આરોપીએ તા.૦૮/૦૮/૨૦૨૨ ના રોજનો ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, લી. શાખા લીંબાસી તાલુકો માતર, જી.ખેડા તેમના ખાતાનો રૂા.૭,૦૦,૦૦૦/- પુરાનો ચેક નં."૦૦૦૦૦૫" નો ચેક સહી કરીને અને તારીખ નાખીને આપેલો અને તહોમતદારે ફરિયાદીને જણાવેલ કે સદરહું ચેક બેંકમાં જમા કરાવશો એટલે ચેકમાં જણાવેલ પુરેપુરા નાંણા પરત મળી જશે. તેથી ફરિયાદીએ તેમની સ્થાનિક સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, માતર શાખામાં તેમના ખાતા નં. ૦૦૦૦૦૦૩૫૫૦૭૪૦૪૧૪૭ માં ભરતા ફરિયાદીની બેંકે તે ચેક કલીયરન્સ માટે તહોમતદારની બેંકમાં મોકલતા બેંકે ફંડ ઈન શફીસીયન્ટ ના શેરા સાથે પરત કરેલ તેની જાણ ફરિયાદીને તા. ૧૭/૦૮/૨૦૨૨ ના રોજ બેંકે કેરલી અને અસલ ચેક રીટર્ન મેમા સહીત પરત કરેલી. ત્યારબાદ ફરિયાદીએ તેમના વકીલશ્રી મારફતે તા.૧૬/૦૯/૨૦૨૨ ના રોજ એક રજી. પો. એડી. થી નોટીસ આરોપીને આપી ચેકમાં જણાવેલ રકમ ફરિયાદીને ચુકવી આપવા જણાવેલ. તે રજીસ્ટર્ડ નોટીસ આરોપીને તા.૧૭/૯/૨૨ ના રોજ મળી ગયેલ હોવા છતાં આરોપીએ નોટીસનો કોઇ જવાબ આપેલ નથી. આમ, આરોપીએ ફરિયાદી સાથે નેગો. ઈન્સ્ટ્રુ. એક્ટની કલમ-૧૩૮ મુજબ ગુનો કરેલ હોય ફરિયાદીએ આરોપી સામે ફરિયાદ દાખલ કરેલ.

(૪) આરોપીની પ્લી:

સદર ફરિયાદ અનુસંધાને ફરિયાદીનું વેરિફિકેશન નોંધવામાં આવેલ અને વેરિફિકેશનના અંતે આરોપી વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા પૂરતો પુરાવો જણાઈ આવતા ફરિયાદીની ફરિયાદ દાખલ કરી ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૪ અન્વયે આરોપીને નોટિસ કરવામાં આવેલ અને આરોપી હાજર રહેતા વિદ્વાન એડી. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફ.ક. શ્રીએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ અન્વયે આરોપીને ફરિયાદની તથા કેસની જરૂરી નકલો આપી આરોપીની આંક–૦૭ થી પ્લી નોંધતા ગુનાનો ઈનકાર કરેલ છે.

(૫) ફરિયાદી પક્ષનો પુરાવો:

– : **મૌખિક પુરાવો** : –

નં.	વિગત	આંક
૧	ફરીયાદી દેવાભાઈ સવાભાઈ ભરવાડની જુબાની	૦૪

–: દસ્તાવેજી પુરાવો :–

નં.	વિગત	આંક
૧	આરોપીએ ફરીયાદીને આપેલ અસલ ચેક	૧૧
૨	ચેક રીટર્ન થયાનો મેમો	૧૨
૩	ફરીયાદીએ આરોપીને વકીલ મારફતે આપેલ નોટીસ	૧૩
૪	આરોપીને આપેલ નોટીસ પોષ્ટ કરેલ તે પોષ્ટ ઓફીસની સફેદ પાવતી	૧૪
૫	આરોપીને નોટીસ બજી ગયેલ તેની એકનોલેજમેન્ટ સ્લીપ	૧૫
૬	નોટીસ બજયા અંગેનો પોષ્ટનો ટ્રેકીંગ રીપોર્ટ	૧૬
૭	ફરીયાદપક્ષના પુરાવા બંધની પુરસીસ	૧૭

(૬) ક્રિમિનલ પ્રોસીજર કોડ કલમ–૩૧૩ નું નિવેદન : –

ફરિયાદ પક્ષ દ્વારા તેમના કથનના સમર્થનમાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ અને ફરિયાદ પક્ષનો પુરાવો નોંધ્યા બાદ આરોપીનું વિશેષ નિવેદન ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ નોંધવામાં આવતા તેમણે મુખ્યત્વે ફરિયાદ પક્ષનો પુરાવો ખોટો હોવાની રજૂઆત કરેલ છે અને પોતે સોગંદ પર જુબાની આપવા માંગતા હોવાનું તથા બચાવના સાહેદ તપાસવા માંગતા હોવાનું જણાવી આંક:૧૮ થી આરોપીએ તેમનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. ત્યારબાદ ફરિયાદીની આંક:૨૮ થી રજુ લેખીત દલીલો અને આરોપીના વિધ્વાન વકીલશ્રીની આંક:૨૯ થી રજુ લેખીત દલીલો સાંભળેલ હતી.

(૭) વિદ્વાન ટ્રાયલ અદાલત દ્વારા જજમેન્ટમાં મુકરર કરવામાં આવેલ મુદ્દાઓ અને નિર્ણયો:

–– <u>મુદ્દાઓ</u> ––

(૧) શું ફરિયાદી પુરવાર કરે છે કે, ફરિયાદવાળો ચેક આરોપીએ તેમના રૂ.૭,૦૦,૦૦૦/– ના દેવા કે આર્થીક જવાબદારી ચુકવણી પેટે ફરીયાદીને આપેલ હતા ?

(૨) શું ફરિયાદી પુરવાર કરે છે કે, આરોપીએ વટાઉખત અધિનીયમ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે?

(૩) શું હુકમ ?

(૮) ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં...

(૨) હકારમાં...

(૩) આખરી હુકમ મુજબ...

(૯) ટ્રાયલ કોર્ટનો ચુકાદો:

ફરિયાદ પક્ષના રજૂ પુરાવાઓ, ફરિયાદી અને આરોપીના વિ. વકીલશ્રીની લેખિત દલીલો ધ્યાને લઈ ટ્રાયલ અદાલતે આંક-૩૧ થી તા. ૦૨/૦૪/૨૦૨૪ ના રોજ આ કામના આરોપીને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ દોષિત ઠરાવી આરોપીને રૂા.૭,૦૫,૦૦૦/-નો દંડ ફરમાવવામાં આવેલ તેમજ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૩૫૭(૩) અન્વયે આરોપીએ આ કામના ફરિયાદીને વળતર પેટે રૂા.૭,૦૦,૦૦૦/- ચુકવી આપવા અને બાકી રહેતી રકમ સરકાર ખાતે જમા કરવાનો હુકમ કરેલ. જો આરોપી વળતરની રકમ ચૂકવવામાં કસૂર કરે તો વધુ છ(૬) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૧૦) <u>અપીલ</u>:

આ કામના એપેલન્ટ/આરોપીને ટ્રાયલ કોર્ટ દ્વારા ફરમાવવામાં આવેલ સજાના હુકમ સામે કરવામાં આવેલ અપીલનું કામ ચાલે ત્યાં સુધી જામીન ઉપર મુક્ત કરવા માંગણી કરતા તેઓને જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ.

(૧૧) <u>નોટિસની બજવણી:</u>

સદર કામે એપેલન્ટ/આરોપીની અપીલની નોટિસ રિસ્પોન્ડન્ટને બજી જતા રિસ્પોન્ડન્ટ નં. ૧ તરફે વિ. વ. શ્રી એન.જે.પટેલ તથા રિસ્પોન્ડન્ટ નં. ૨ શ્રી સરકાર તરફે વિ. પી. પી. શ્રી ડી. આર. બારોટ હાજર થયેલ છે.

(૧૨) <u>પક્ષકારોના વિ. વિ. શ્રીની દલીલો:</u>

આ કામના એપેલન્ટ/મૂળ આરોપીના વિ. વ. શ્રી એન.જે.પટેલ નાઓએ તેમની મૌખિક દલીલમાં અપીલ મેમોના કારણો મુજબ રજૂઆત કરેલ છે. એપેલન્ટ/મૂળ આરોપીના વિ. વકીલશ્રીએ અપીલ મેમામાં જણાવેલ છે કે, માતરના મે. એડી. જ્યુ.મેજી.ફ.ક.સાહેબે ક્રિમી.કેસ નં.૫૬૮/૨૦૨૨ માં કરેલ હુકમ

ગેરકાયદેસર તથા કુદરતી ન્યાયના સિંધ્ધાંતો વિરૂધ્ધનો છે. નામદાર નીચેની અદાલતે રજુ થયેલ પુરાવા તથા હકીકતોનું ન્યાયિક અને સાચું અર્થઘટન નહી કરી નિર્ણય કરવામાં ગંભીર ભુલ કરેલ છે. નામદાર નીચેની કોર્ટે રેકર્ડ ઉપરના પુરાવા તથા જુબાનીઓને યોગ્ય રીતે કાયદાની જોગવાઈઓ લક્ષમાં નહી લઈ નિર્ણય કરવામાં ગંભીર ભુલ કરેલ છે. ના કૉર્ટનો હુકમ કાયદાની જોગવાઈઓ વિરૂધ્ધનો છે. જેથી તે રદ થવાને પાત્ર છે. ના.કોર્ટ રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાઓનું યોગ્ય રીતે મુલ્યાંકન કર્યા વિના જે આરોપીને સજા કરવાનો હુકમ કરેલ છે તે હુકમ રદ થવાને પાત્ર છે. નામદાર કોર્ટ કુદરતી ન્યાયના સીધ્ધાંતોની અવગણના કરીને જે હુકમ કરેલ છે તે હુકમ રદ થવાને પાત્ર છે. વિધ્વાન ટ્રાયલ અદાલતે સમન્યાયની દ્રષ્ટીએ કેસમાં રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવું જોઈતું હતુ, તે કરેલ નથી. સદર કામના ફરીયાદીએ ચેકના અવેજ બાબતે સપ્રેશન ઓફ મટીરીયલ ફેક્ટસ કરેલ છે.

(૧૨.૧) ખુદ ફરીયાદીએ પોતાની જુબાનીમાં જ જણાવેલ છે કે, "મે–૨૦૨૨ માં રૂા.૨,૫૦,૦૦૦/– કોઈ ચોક્કસ તારીખ,સમય કે સ્થળ કે કોઈની હાજરી વીના કોઈપણ જાતના આધાર વીના આપેલ હોય, ફરીથી તે જ વ્યકતીને જુન.–૨૨ માં રૂા.૨,૫૦,૦૦૦/– કોઈ ચોકકસ તારીખ. સમય કે સ્થળ કે કોઈની હાજરી વીના કોઈપણ જાતના આધાર વીના આપેલ હોય અને ફરીથી તે જ વ્યકતીને જુલાઈ–૨૨ માં રૂા.૨,૦૦,૦૦૦/– કોઈ ચોકકસ તારીખ, સમય કે સ્થળ કે કોઈની હાજરી વીના કોઈપણ જાતના આધાર વીના આપેલ હોય તે વાર્તા સામાન્ય રીતે ગળે ઉતરે નહી. આમ, સદર ચેકનો અવેજ ફરીયાદી ની:શંકપણે પુરવાર કરી શકેલ નથી. તેમજ હાલની ફરીયાદવાળો ચેક આરોપીને ક્યાં અને કયારે આપેલ તે કરીયાદી જણાવી શકેલ નથી. તે બાબતે એપેલન્ટે ફરીયાદીની ઉલટ તપાસમાં જણાવી શકેલ નથી કે ચેકના અવેજ બાબતે પણ કીપ–મમ જણાવેલ છે. તે હડકીકત એપેલન્ટે રેડી રેફરન્સ માટે એનેક્ષર (સી) થી રજુ કરેલ છે. ઉલટ તપાસમાં ફરીયાદી પોતાની ક્ષમતા પુરવાર કરી શકેલ

નથી. પોતાનો તુહીબા એન્ટર પ્રાઈઝના ધંધા અંગે સપ્રેશન ઓફ મટીરીયલ ફેકટ કરેલ છે.તેઓએ ઉલટ–તપાસમાં લાવેલ હકીકત ના. ટ્રાયલ કોર્ટ ધ્યાનમાં લેવાને બદલે માત્ર કલમ ૧૩૯ ના પ્રીઝમશન નેજ મહત્વ આપેલ છે. અને આ કામે આરોપીએ રજુ કરેલ આંક ૧૮ થી પોતાની સોગંદ ઉપરની જુબાની તથા આંક: ૨૦ થી સાહેદ ભીખાભાઈ છગનભાઈ ભારૈયાએ તથા રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓથી સદર પ્રીઝમશનનું ખંડન થયેલ છે. અને આરોપીએ તેનાથી વિરૂધ્ધનો પુરાવો ના. કોર્ટમાં રજુ કરેલ છે તે હકીતની અવગણના કરેલ છે. આમ, એ હકીકત પ્રસ્થાપીત થાય છે કે, આ કામના ફરીયાદી સાથે આરોપી રેતીનો ધંધો કરતા હતા અને તે ધંધામાં ડમ્પર ગાડી ચલાવતા હતા. અને તુહી એન્ટરપ્રાઈઝના નામે રેતીનો ધંધો કરતા હતા જેની સીક્યોરીટી પેટે ફરીયાદીએ આ કામના તો.દાર પાસેથી એડવાન્સ લીધેલા કોરા માત્ર આરોપીની સહી વાળા ચેકનો જ ઉપયોગ કરીને હાલની ફરીયાદ દાખલ કરેલ છે. તે હકીકત આરોપીએ ના.કોર્ટમાં સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે તેનું ખંડન ફરીયાદીએ ઉલટ–તપાસમાં કરેલ નથી, માટે તે પુરવાર થયેલ ગણાય તે હકીકત ના. ટ્રાયલ કૉર્ટ ધ્યાનમાં લીધેલ નથી.

(૧૨.૨) ખરી હકીકતે "આ કામના તો.દાર રેતીની ડંપરગાડી હોય તેનો માસીક ડ્રાઈવર તરીકે ૧૨,૦૦૦/– પગાર આપવાનું નકકી કરેલ હતું તેમજ રેતીના વેચાણમાં આરોપીના ભાગે ૨ % કમીશન આપવાનું નકડી કરેલ હતુ. તે મુજબ સાંઈ કન્ટ્રકશન સાથે ૩૭ લાખ રૂપીયાનો વેપાર લાવેલ હોય તેના કમીશનના રૂા. ત્રણલાખ આ કામના આરોપીએ લેવાના હોય જે રકમ તથા તેમના કુટુંબીભાઈ ભરતભાઈ ને સદર રકમ ના આપવી પડે તેવા બદ આશયથી આરોપીને ખોટી રીતે પ્રેશરાઈઝ કરવા હાલની ફરીયાદ દાખલ કરેલ છે." તે હકીકત એપેલન્ટ/ આરોપીએ આંક : ૧૮ ની સોગંદ ઉપરની જુબાનીમાં પુરવાર કરેલ છે. આ કામના કરીયાદીએ ઉલટ–તપાસમાં ખંડન કરેલ નથી. જેથી કલમ ૧૩૯ રીબર્ટ થયેલ હોય ચેકનો અવેજ પુરવાર કરવાની જવાબદારી ફરિયાદીની જ આવે તે હકીકત માટે ટ્રાયલ

કોર્ટનો હુકમ ભુલભરેલો છે અને રદ થવાને પાત્ર છે.વધુમાં આંક:૧૮ થી રજુ એપેલન્ટના પુરાવામાં જણાવેલ કે, “આ કામના ફરીયાદીને ધંધો બંધ કરવો છે તેમ જણાવી તો.દારને આ ધંધામાંથી કાઢી મુકેલ હતા અને આરોપીનો સીક્યોરીટી પેટે લીધેલ કોરો ચેક માત્ર આરોપીની સહીં કરેલ ચેક પરત આપેલ નહીં. અને જણાવેલ છે, ''ચેક ક્યાંક આડા અવળા હાથે મુકાઈ ગયેલ છે. મળશે એટલે આપીશ અને થોડાક જ સમયમાં તારા ત્રણ લાખ રૂપીયા આપીશ તું ચીન્તા ન કરતો.'' આરોપીએ આંક : ૧૮ ની સોગંદ ઉપરની જુબાનીમાં પુરવાર કરેલ છે. આ કામના ફરીયાદીએ ઉલટ–તપાસમાં ખંડન કરેલ નથી. જેથી કલમ ૧૩૯ રીબર્ટ થયેલ હોય ચેકનો અવેજ પુરવાર કરવાની જવાબદારી ફરીયાદીની જ આવે એપેલન્ટ–આરોપીએ પુરવાર કરેલ છે, તે હકીકત ધ્યાને લીધા વીના જ એકતરફી કરેલ ટ્રાયલ કોર્ટનો હુકમ ભુલ–ભરેલો છે અને રદ થવાને પાત્ર છે. એપેલન્ટ મુળ ફરીયાદીએ આંક :૨૦ થી ભીખાભાઈ છગનભાઈ બારૈયાને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ મુળ ફરીયાદીના કેસની વિરૂધ્ધ પુરાવો ના. કોર્ટમાં રજુ કરેલ છે. તેમજ નોટીસનો જવાબ નહીં આપવાનો ખુલાસો કોર્ટમાં કરેલ છે. તેની પણ ઉલટ–તપાસ આ કામના મુળ ફરીયાદીએ કરેલ છે. પરંતુ સર–તપાસ નું ખંડન કરાવી શકેલ નથી. વધુમાં સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં પાંચ પેટા કાગળનું લીસ્ટ જેમાં રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ માત્ર ઝેરોક્ષ હતી અને અસલ દસ્તાવેજો આ કામના ફરીયાદી પાસે હતા તે હકીકત સાહેદે સોગંદ ઉપર જણાવેલ હોવા છતાં તે દ.પુ. ના.કોટે ના.કૉર્ટમાં ગેરકાયદેસર રજુ પણ કરવા દીધેલ નથી. અને તેઓની પ્રોડકશન અરજી નામંજુર કરી દીધેલ જેથી તેને ધ્યાનમાં લેવા અને ના. ટ્રાયલ કોર્ટ તેમની ઉલટ–તપાસ, રજુ કરેલ દસ્તાવેજી પુરાવા, તેમની તથા સાહેદની સોગંદ ઉપરની જુબાની ને ધ્યાનમાં લીધા વીના કરેલ હુકમ ન્યાયોચીત ન હોય રદ થવાને પાત્ર છે. વધુમાં નામદાર સુપ્રીમકોર્ટના ક્રિષ્ના જનાર્દન ભટ્ટ વિરૂધ્ધ દત્તાત્રેય જી. હેગડે (૨૦૦૮ ક્રિમીનલ લૉ જનરલ –૧૧૭૨) કે.

પ્રકાશન વિરૂધ્ધ પી.કે.સુંદરમ ૨૦૦૮ (૧) એસ.સી.સી. (ક્રાઈમ્સ) ૨૦૦ તથા રંગપ્પા વિરૂધ્ધ મોહન (એ.આઈ.આર.૨૦૧૦ સુપ્રીમકોર્ટ ૧૯૯૮) ના ચુકાદાઓમાં ના. સુપ્રીમકોર્ટે પ્રસ્થાપિત કરેલ છે છે, આરોપી પ્રીપોન્ડરન્સ ઑફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો આપે તો પણ અનુમાનોનું ખંડન થયેલું ગણી શકાય અને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૯ ના અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ સાક્ષીના પાંજરામાં આવવું જરૂરી નથી. ના. ટ્રાયલ કોર્ટે સજાના હુકમમાં કાયદેસરની કોઈ કાર્યવાહી કરેલ નથી. તેઓએ સજા/દંડ અંગે સાંભળેલ નથી, અમોને મફત મળતી નકલ આપેલ ન હોય, ટ્રાયલ કોર્ટનો હુકમ રદ થવાને પાત્ર છે.

(૧૨.૩) જયારે,**આરોપી તરફે આંક:૩૦ થી રજુ લેખિત દલીલો** વિગતવાર વંચાણે લીધી. સદર કામે તો.દારે એફ.એસ. માં તેમની ફરીયાદને અનુસંધાને, આ કામના આરોપીએ આ કામે સોગંદ ઉપર જુબાની આપીને ફરીયાદીના કેસને પાયા વિહોણો સાબીત કરેલ છે. તેમની જુબાનીની સરતપાસમાં જણાવેલ હકીકતો બાબતે ફરીયાદ તરફથી કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. આમ ફરીયાદી પોતાનો કેસનિ:શંક પણે પુરવાર કરવામાં નીષ્ફળ નીવડેલ છે.આમ, ફરિયાદીનું આરોપી સામે કોઈ કાનૂની બાકી દેવું નથી જે તે માંગણી નોટિસ અને ફરિયાદ દ્વારા માંગવામાં આવ્યું હતું. તેથી, આરોપીને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ ૧૩૮ હેઠળ ગુના માટે દોષિત જાહેર કરી શકાતું નથી. આમ ફરીયાદીના ચેકની અવેજની રકમ રૂા. સાત લાખ આરોપીએ આપવાના જ નથી, તે હકીકત નિ:શંક પણે પુરવાર થાય છે. આમ, ફરીયાદીનો હાલનો કેસ ખોટો જ છે. આંક :– ૧૧ વાળા ચેકનો અવેજ આરોપીને આપેલ નથી તે હકીકત પુરવાર થાય છે. તેમજ હાલના ફરીયાદી પોતાનો કેસ ની:શંક પણે પુરવાર કરવામાં સરેઆમ નિષ્ફળ નીવડેલ હોય હાલના ફરીયાદી ચેકનો અવેજ પુરવાર કરી શકેલ ન હોય આરોપી સામે હાલમાં કરવામાં આવેલ ફરીયાદ રદ થવાને પાત્ર છે તેમજ ક્રિમીનલ કેસ નંબર ૫૬૮/૨૦૨૨ ના કામે આંક :– ૩૧ ના જજમેન્ટનો હુકમ રદ કરી

આરોપીને હાલના કેસમાંથી મુકત કરવા તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ ૨૭૩ હેઠળ આ કામના ફરીયાદી પાસેથી આરોપીને વળતરની રકમ અપાવવા વિનંતી કરેલ છે.

(૧૩) સદર કામે **રીસ્પોન્ડન્ટ નં.૧ (મૂળ ફરિયાદી)એ** અપીલના કામે વકીલ રોકી હાજર થઈ **આંક:૨૬ થી રજુ લેખીત દલીલો**માં જણાવેલ છે કે,તેઓએ પોતાની ફરીયાદના સમર્થનમાં આંક–૩ થી અસલ દસ્તાવેજો રજુ કરેલ છે. તેમજ આંક:૪ થી ફરીયાદીની સરતપાસનું સોગંદનામું રજુ થયેલ છે. જયારે, આંક:૧૮ થી અરજદાર: વિજયકુમાર ભીખાભાઇ બારૈયાની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. સદરહું ઉલટ તપાસમાં આ કામના અરજદારે સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે આંક–૧૧ વાળો ચેક મને બતાવવામાં માવે છે જે મારી બેન્કના ખાતાનો અને મારી સહીવાળો છે. તથા નીચેની કોર્ટમાં આંક:૨૦ થી આ કામના અરજદારના પીતા ભીખાભાઈ છગનભાઈ બારૈયા તેમની ઉલટ તપાસમાં એ હકીકત સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે,આંક–૧૧ વાળો ચેક મારા પુત્ર વિજયકુમાર ભીખાભાઈ બારૈયા ના ખાતાનો અને તેમની સહીનો છે.આમ, આ કામના અરજદાર વિજયકુમાર ભીખાભાઈ બારૈયાઓએ તથા તેમના સાહેદ ભીખાભાઈ છગનભાઈ બારૈયા આ કામમાં રજુ થયેલ આંક–૧૧ વાળા ચેકની સહીનો સ્પષ્ટપણે કબુલ કરેલ છે. આમ, જયારે ચેક ઉપરની સહીનો સ્પષ્ટ સ્વીકાર કરવામાં આવે તો કોર્ટ ધ્વારા એવુ માનવામાં આવશે કે ચેક અવેજ પેટેનો છે તથા જયારે ચેક આપવામાં આવેલ હોય અને ચેક ઉપરની સહી કબુલેલ હોય તો કોર્ટ એવું માનશે કે તે ચેક કાયદેસરના લેણાં પેટેનો છે. તથા એવીડન્સ એકટની કલમ ૧૧૪ તથા એન. આઈ. એકટની કલમ ૧૩૯ તથા ૧૧૮ નુ અનુમાન ફરીયાદીની તરફેણમાં થાય. આ માટે તેઓ **એપીએસ ફોરેક્ષ સર્વીસીસ પ્રાઈવેટ લીમીટેડ વિરૂધ્ધ શકિત**

ઈન્ટરનેશનલ ફેશન લીન્કર્સના કેસમાં સુપ્રીમ કોર્ટે આપેલ ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

(૧૩.૧) વધુ દલીલમાં જણાવે છે કે, આ કામમાં અરજદારે આંક–૧૮ તથા આંક–૨૦ થી વિધ્વાન ટ્રાયલ કોર્ટમાં સર તપાસનું એફીડેવીટ રજુ કરેલ છે, જે વંચાણે લેવામાં આવે તો, આંક–૧૮ વાળી સરતપાસ એફીડેવીટમાં લખેલ છે કે સામાવાળાએ અરજદાર પાસેથી બે કોરા તારીખના તથા રકમ લખ્યા વગરનો અમારી સહી કરેલો ચેક લીધેલ હતો, તેવુ લખેલ છે. જયારે આંક–૨૦ વાળી સાહેદની એફીડેવીટમાં લખેલ છે કે, મારા દીકરા વિજયકુમાર પાસેથી તેના બેન્ક ખાતાનો એક કોરો તારીખ તથા રકમ લખ્યા વગરનો વિજયની સહી કરેલો ચેક લીધેલો હતો, તેવુ લખેલ છે. આમ, બન્ને એફીડેવીટ વંચાણે લેવામાં આવે તો, એક એફીડેવીટમાં બે ચેક આપેલ છે તેમ લખેલ છે. જયારે બીજી એફીડેવીટમાં એક ચેક આપેલ છે તેમ લખેલ છે. આમ, જુદી જુદી હકીકત વાળી એફીડેવીટ રજુ કરેલ છે જે પુરાવામાં ધ્યાને લેવાય નહી. આમ અરજદાર તથા તેમના સાહેદ જુદી જુદી હકીકત જણાવે છે જે ધ્યાને લેવાય નહી. આ કામમાં અરજદાર તરફે નીચેની કોર્ટમાં કોઈ સ્વતંત્ર સાહેદને તપાસેલ નથી. નીચેની કોર્ટમાં અરજદારે સાહેદ તરીકે તેમના પીતાને તપાસેલ છે જે હિત ધરાવનાર પક્ષકાર કહેવાય. તેથી પણ તેમની જુબાની ધ્યાને લઈ પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહી. વળી, આ કામમાં સામાવાળાએ અરજદારને આપેલ નોટીસનો કોઈ જવાબ અરજદારે આપેલ નથી જે અંગે અરજદારે તથા તેમના સાહેદે પોતાની ઉલટ તપાસમાં સ્પષ્ટપણે કબુલ કરેલ છે. આમ જયારે કોઈ વ્યકિત આપેલ નોટીસનો જવાબ ન માપે ત્યારે નોટીસમાં જણાવેલ હકીકત તે વ્યકિત સ્વીકારે છે તેમ કહેવાય. આમ,ઉપરોકત હકીકતવાળી દલીલો ધ્યાને લઈ તથા આ કામમાં રજુ કરેલ ચુકાદા ધ્યાને લઈ તથા નીચલી કોર્ટમાં રજુ કરેલા પુરાવા ધ્યાને લઈ નીચેની કોર્ટે સી.સી.નં. ૫૬૮/૨૦૨૨માં કરેલ હુકમ આથી કાયદેસરનો અને વ્યાજબી હુકમ કરેલ હોય તો તે હુકમ કાયમી ચથાવત રાખતો હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૧૪) <u>મુદ્દાઓ:</u>

આ કામના એપેલન્ટ/આરોપીના વિ. વકીલ શ્રી એસ.એમ.ચૌહાણ ની મૌખિક રજૂઆત સાંભળવામાં આવેલ છે. રિસ્પોન્ડન્ટ નં. ૧ ના વિ. વકીલ શ્રી એન.જે.પટેલ ની તથા રિસ્પોન્ડન્ટ નં. ૨ તરફે વિ.પી. પી. શ્રીની રજૂઆતો પણ સાંભળવામાં આવેલ છે. સદર કામે સદર અપીલનો નિર્ણય કરતા પૂર્વે અપીલના નિર્ણય માટેના ઉપસ્થિત થયેલ મુદ્દા નીચે મુજબ છે.

-- <u>મુદ્દા</u> --

(૧) શું માતરના વિધ્વાન અધીક જયુ. મેજીસ્ટ્રેટ ફ.ક. નાઓનો ફોજદારી કેસ નં. ૫૬૮/૨૦૨૨ ના કામે એપેલન્ટ/મુળ આરોપીને આંક:૩૧ થી એન.આઈ. એક્ટની કલમ-૧૩૮ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી એપેલન્ટ/મુળ આરોપીને રૂા.૭,૦૫,૦૦૦/-નો દંડ ફરમાવવામાં આવેલ તેમજ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૩૫૭(૩) અન્વયે આરોપીએ આ કામના ફરિયાદીને વળતર પેટે રૂા.૭,૦૦,૦૦૦/- ચુકવી આપવા અને બાકી રહેતી રકમ સરકાર ખાતે જમા કરવાનો હુકમ કરેલ. જો આરોપી વળતરની રકમ ચૂકવવામાં કસૂર કરે તો વધુ છ(૬) માસની સાદી કેદની સજા ભોગવવાનો કરેલ હુકમ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરૂધ્ધનો, ભુલ ભરેલો, મનસ્વી છે અને તેમાં હસ્તક્ષેપ કરવા માટેનું પુરતું અને વ્યાજબી કારણ છે ?

(૨) શું હુકમ?

-- <u>મુદ્દાના જવાબ</u> --

(૧૫) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણય નીચે જણાવેલ કારણોસહિત નીચે મુજબ છે.

૧. નકારમાં...

૨. આખરી હુકમ મુજબ...

-- કારણો --

(૧૬) ઉપરોક્ત મુદ્દાઓના મારા તારણો અને કારણો નીચે મુજબ છે.

<u>**મુદ્દા નં. ૧:**</u>

હાલના કામે બંને પક્ષકારોની રજૂઆતો ટ્રાયલ કોર્ટનું રેકર્ડ ધ્યાને લેતા આ કામના એપેલન્ટ, મૂળ કામના આરોપી છે અને કામના રિસ્પોન્ડન્ટ નં.૧ તે મૂળ કામના ફરિયાદી છે જેથી હવે પછી સદર અપીલના કારણોમાં ચર્ચામાં ટ્રાયલ અદાલત સમક્ષ જે પ્રકારે સંબોધવામાં આવેલ છે તે મુજબ સંબોધન કરવામાં આવે છે.

(૧૭) આ કામે અપીલનો ગુણદોષ ઉપર ચર્ચા કરતા પહેલા અપીલ કોર્ટ તરીકે આ અદાલતને શું સત્તા પ્રાપ્ત થયેલ છે? તેની પ્રથમ ચર્ચા કરવી આવશ્યક છે. જ્યારે પણ ટ્રાયલ કોર્ટ કોઈ પણ પ્રકારની કાર્યવાહી ચલાવી ચુકાદો આપે અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે અથવા સજા કરવામાં આવે ત્યારે તે આદેશ ન્યાયોચિત છે કે કેમ? તેની ચકાસણી કરવા માટે અપીલનો પ્રબંધ કરવામાં આવેલ છે. અપીલ તબક્કે ફરિયાદ પક્ષ તેમજ આરોપી પક્ષને સાંભળવાની તક અપીલ અદાલતે કાયદાની દ્રષ્ટિએ તેમજ કુદરતી ન્યાયના સિદ્ધાંતની દ્રષ્ટિએ આપવી આવશ્યક છે. અપીલ અદાલતે ટ્રાયલ કોર્ટે જો કોઈ ભૂલ કરેલ હોય તો સુધારવાની છે અથવા કોઈ ખામી રહી ગઈ હોય તો નિવારવાની છે અને ન્યાયનો હેતુ જળવાય તે જોવાની અપીલ અદાલતની ફરજ છે. અપીલ કરવા માટેની જોગવાઈ વિધાનતંત્ર દ્વારા આપવામાં આવેલ કાયદા મુજબનો અધિકાર છે તે સંજોગોમાં અપીલ અદાલતે પોતાની મળેલ સત્તાનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ. અપીલ ચલાવતી અદાલતને વિશિષ્ટ સત્તાઓ આપવામાં આવેલ છે તેમ છતાં સાથે એકરૂપતા જળવાઈ રહે તેવા આશયથી ક્રિ.પ્રૉ.કોડની કલમ-૩૮૬ માં જોગવાઈ કરવામાં આવેલી છે. આ કલમ હેઠળ આપેલ સત્તાથી બહાર અપીલ અદાલત જઈ શકે નહીં. આ કલમમાં અપીલ અદાલતને અપીલની કાર્યવાહીમાં શું સત્તા છે અને કેવો આદેશ કરી શકે તેવો પ્રબંધ કરવામાં આવેલ છે. સૌ પ્રથમ તો ક્રિ.પ્રૉ.કોડની કલમ-૩૮૫ હેઠળ કરવામાં આવેલ જોગવાઈનું પાલન કરવાનું રહે છે. અપીલ અદાલત સંક્ષિપ્ત રીતે

અપીલ રદ ન કરે ત્યારે ટ્રાયલ કોર્ટનું રેકોર્ડ અપીલના નિર્ણય માટે પહેલા મંગાવવું જરૂરી છે. સજાની અપીલમાં એપેલન્ટ અને રિસ્પોન્ડન્ટને સાંભળ્યા બાદ અને રેકોર્ડની ચકાસણી કર્યા બાદ ટ્રાયલ કોર્ટે આપેલ ચુકાદામાં હસ્તક્ષેપ કરવાના પૂરતા કારણો નથી તેવા નિર્ણય ઉપર અપીલ અદાલત આવે ત્યારે અપીલ અદાલતે અપીલ રદ કરવાની રહે છે. અપીલ અદાલતે શા માટે પૂરતા કારણો નથી તે કારણની નોંધ પોતાના ચુકાદામાં કરવાની રહે છે. અપીલ અદાલત પુરાવાની અથવા સંપૂર્ણ પુરાવાની ફેર ચકાસણી કરી શકે છે અને ટ્રાયલ કોર્ટે પુરાવાનું મૂલ્યાંકન કરવામાં ભૂલ કરી છે અથવા કાયદા મુજબ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવેલ નથી તેવા તારણ ઉપર આવે ત્યારે તેવા પ્રસંગે ટ્રાયલ કોર્ટનો આદેશ ફેરવી શકે છે અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરી શકે છે. અપીલ અદાલત વિશેષ તપાસ કરવા માટે અથવા આરોપી સામે નવેસરથી કાર્યવાહી ચલાવવા માટે આદેશ આપી શકે છે અથવા ન્યાયના હિતમાં તે આવશ્યક હોય તો જ અપીલ અદાલતે કરવું જોઈએ કારણકે, એક જ ગુના અંગે બે વખત ઇન્સાફી કાર્યવાહી ચલાવવી ન પડે અને આરોપીને નવેસરથી ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરવો ન પડે. ટ્રાયલ કોર્ટે તેની સમક્ષ રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરેલ હોય તેને કોઈ પણ પ્રકારના કારણ વગર કે હળવાશથી લઈ ફેરવી નાખવું ન જોઈએ પરંતુ ન્યાયનો હેતુ માર્યો જાય છે તેવું અદાલતને લાગે તો ટ્રાયલ કોર્ટના ચુકાદામાં હસ્તક્ષેપ કરવો જોઈએ.

(૧૮) સૌ પ્રથમ હાલની અપીલ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ના ગુના અંગેની હોય અને આ તબક્કે એન.આઈ. એક્ટની કલમ–૧૩૮, ૧૪૨ ના ચુકાદામાં ઉપરોક્ત ઉલ્લેખ કરવો જરૂરી હોય જે નીચે મુજબ છે: **138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the accounts. -** Where any cheque drawn by a person on an account maintained by him

with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceed the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offense and and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both : *Provided that nothing contained in this section shall apply unless*- (a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier ; (b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice, [within thirty days] of the receipt of information by him from the Bank regarding the return of the is unpaid, and (c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice. *Explanation - For the purpose of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.*

142. Cognizance of offenses. - Notwithstanding anything contained in the Code of Criminal Procedure, 1973 (2 of 1974) (a) no court shall take cognizance of any offence punishable under Section-138 except upon a complaint, in writing, made by the payee or, as the case may be, the holder in due course of the cheque ; (b) such complaint is made within one month of the

date on which the cause-of-action arises under clause (c) of the proviso to Section-138 : *[provided that the cognizance of a complaint may be taken by the court after the prescribed period, if the complainant satisfies the court that he had sufficient cause for not making a complaint within such period.]*

(૧૯) ઉપરોક્ત પુરાવાઓનું વિશ્લેષણ કરતા પૂર્વે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ અને ૧૧૮ ની જોગવાઈ વંચાણે લેવી જરૂરી હોય તે નીચે મુજબ છે: **139. Presumption in favour of holder. -** It shall be presumed, unless the contrary is proved that the holder of a cheque received the cheque of the nature referred to in Section-138 for the discharge, in whole or in part, or any debt or other liability. **118. Presumptions as to negotiable instruments of consideration.**:- Until the contrary is proved, the following presumptions shall be made :- (a) of Consideration - that every negotiable instrument was made of drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed negotiated or transferred for consideration ; (b) as to date - that every negotiable instrument bearing a date was made or drawn on such date ; ... (અન્ય પેટા–કલમો તે મુજબ રહેશે).

(૨૦) ફરિયાદીની તરફેણમાં ઉપર મુજબનું અનુમાન ઉપસ્થિત થતું હોય તેવા સંજોગોમાં બચાવ પક્ષ તરફે ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ–૧૦૧ મુજબ ખંડનાત્મક પુરાવો આપવાની જવાબદારી આવે છે. હાલના કામમાં એ ચકાસવું જરૂરી થઈ પડે છે કે, બચાવ પક્ષે ફરિયાદ પક્ષની તરફેણમાં ઉપસ્થિત થયેલ અનુમાન

અન્વયે ખંડનાત્મક પુરાવો રજૂ કરેલો છે કે કેમ? આ સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલતના "રંગપ્પા વિરુદ્ધ શ્રી મોહન" જે. ટી. ૨૦૧૦ (વોલ્યુમ-૫) એસ.સી. પાના નં. ૨૫૯ ના ચુકાદામાં મહત્વપૂર્ણ ચર્ચા કરેલ છે કે, આરોપીએ કેવા પ્રકારનો પુરાવો અને કેવી રીતે રજૂ કરવો. તે મુજબ આરોપીએ શંકાથી પર પુરાવો આપવાની જરૂર રહેશે નહીં. પરંતુ સચોટ માની શકાય તેવી હકીકતો અને પુરાવા રજૂ કરવાના રહેશે તેવું ઠરાવવામાં આવેલ છે. એટલે કે, આરોપી તરફે અનુમાનનું ખંડન કરવા માટે પુરાવો આપવાની કે સાક્ષીના પાંજરામાં પણ આવવાની જરૂરત રહેતી નથી. પરંતુ ફરિયાદ પક્ષે જે પુરાવો રજૂ કરેલો છે તેના દ્વારા કરી શકે છે. આરોપી દ્વારા માત્ર શંકા ઉત્પન્ન કરતો કે શક્ય પુરાવો આપવો જ જરૂરી છે.

(૨૦.૧) જ્યારે, હાલના કેસમાં આવો કોઈ ખંડનાત્મક પુરાવો એપેલન્ટ/મૂળ આરોપી તરફે રેકોર્ડ પર આવેલ જણાતો નથી. વધુમાં ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ-૩૮૬ મુજબ અપીલ અદાલતે ટ્રાયલ અદાલતમાં રજૂ થયેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરવાની અપીલ અદાલતને સત્તા આપવામાં આવેલ છે.

(૨૦.૨) ટ્રાયલ અદાલત સમક્ષ રજૂ થયેલ પુરાવાઓ જોવામાં આવે તો ફરિયાદી **દેવાભાઈ સવાભાઈ ભરવાડ** નાઓએ તેમની આંક-૧ ની ફરિયાદના સમર્થનમાં **આંક-૦૪** થી પુરાવાનું સોગંદનામું રજૂ કરેલ છે જેમાં ફરિયાદની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે તથા રજૂ કરેલ દસ્તાવેજોની હકીકતોનું વિવરણ કરેલ છે. વધુમાં તેમના મૌખિક પુરાવામાં મીત્રતાના નાતે તો.દારે ધંધાના કામે કુલ્લે રૂા.૭,૦૦,૦૦૦/- લીધેલ હોય, આ કામના ફરિયાદીએ આરોપી પાસેથી ઉઘરાણી કરતાં આરોપીએ તા.૦૮/૦૮/૨૦૨૨ ના રોજનો ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, લી. શાખા લીંબાસી તાલુકો માતર, જી.ખેડા તેમના ખાતાનો રૂા.૭,૦૦,૦૦૦/- પુરાનો ચેક નં."૦૦૦૦૦૫" નો ચેક સહી કરીને અને તારીખ નાખીને આપેલો અને તહોમતદારે ફરિયાદીને જણાવેલ કે, સદરહું ચેક બેંકમાં જમા

કરાવશો એટલે ચેકમાં જણાવેલ પુરેપુરા નાંણા પરત મળી જશે. તેથી ફરિયાદીએ તેમની સ્થાનિક સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, માતર શાખામાં તેમના ખાતા નં. ૦૦૦૦૦૦૩૫૫૦૭૪૦૪૧૪૭ માં ભરતા ફરિયાદીની બેંકે તે ચેક કલીયરન્સ માટે તહોમતદારની બેંકમાં મોકલતા બેંકે ફંડ ઈન શફીસીયન્ટ- ના શેરા સાથે પરત કરેલ. તેની જાણ ફરિયાદીને તા. ૧૭/૦૮/૨૦૨૨ ના રોજ બેંકે કેરલી અને અસલ ચેક રીટર્ન મેમા સહીત પરત કરેલી. ત્યારબાદ ફરિયાદીએ તેમના વકીલશ્રી મારફતે તા.૧૬/૦૯/૨૦૨૨ ના રોજ એક રજી. પો. એડી. થી નોટીસ આરોપીને આપી ચેકમાં જણાવેલ રકમ ફરિયાદીને ચુકવી આપવા જણાવેલ. તે રજીસ્ટર્ડ નોટીસ આરોપીને તા.૧૭/૯/૨૨ ના રોજ મળી ગયેલ હોવા છતાં આરોપીએ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. આમ, આરોપીએ ફરિયાદી સાથે નેગો. ઈન્સ્ટ્રુ. એક્ટની કલમ-૧૩૮ મુજબ ગુનો કરેલ હોય ફરિયાદીએ નિયત સમય મર્યાદામાં હાલની આંક-૧ ની ફરિયાદ કરેલ હોવાનું અને રજૂ કરેલ દસ્તાવેજોની હકીકત સોગંદ ઉપર ફરિયાદીએ જણાવેલ છે. ફરિયાદીએ આ કામે આંક-૧૧ થી ૧૬ સુધી અનુક્રમે આરોપીએ ફરિયાદીને આપેલ અસલ ચેક, ચેક રિટર્ન થયાનો મેમો, આરોપીને વકીલશ્રી મારફતે આપેલ નોટિસ, આર.પી.એ.ડી.ની સફેદ પોષ્ટલ પાવતી, આરોપીને નોટીસ બજયની એકનોલેજમેન્ટ તથા નોટીસ બજયા અંગેનો પોષ્ટખાતાનો ટ્રેક રીપોર્ટ રજુ કરેલ છે.

(૨૧) આમ, રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવતા તકરારી ચેક સમય મર્યાદામાં બેંકમાં ભરવામાં આવેલ છે અને સદર ચેક પરત ફરતા સમય મર્યાદામાં આરોપીને નોટિસ આપેલ અને દિન-૧૫ માં આરોપીએ ફરિયાદીને કોઈ નાણાં ચૂકવેલ હોય તેવું ટ્રાયલ અદાલતનું રેકર્ડ જોતા જણાઈ આવતું નથી. ફરિયાદીના નાણાં ચૂકવી નહીં આપતા એક માસમાં ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. આમ એન.આઈ. એક્ટની કલમ-૧૩૮ અને ૧૪૨ ની જે જોગવાઈઓનું અત્રે પાલન થાય છે તેવું માનવાને કારણ રહે છે. આ કામે ઉપરોક્ત મૌખિક અને દસ્તાવેજી પુરાવાની ચર્ચા ધ્યાને લેતા

એન.આઈ.એક્ટની કલમ–૧૩૮ અને ૧૪૨ માં ઠરાવેલ જોગવાઈઓનું ફરિયાદ પક્ષે ચુસ્તપણે પાલન કરેલ હોવાનું જણાય છે તેવા સંજોગોમાં ફરિયાદ પક્ષ પુરાવાના કાયદાની કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબ અનુમાન ઉપસ્થિત થાય છે જે રીતે ફરિયાદીની તરફેણમાં કાયદેસરનું લેણું છે અને તકરારી ફરિયાદવાળો ચેક આરોપીએ ફરિયાદીને કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ છે તેવું માનવાને કારણ રહે છે.

(૨૧.૧) આ કામે **ફરિયાદીની** આરોપીના વિધ્વાન વકીલશ્રી દ્વારા ટ્રાયલ અદાલત સમક્ષ કરેલ **ઉલટ તપાસ** વંચાણે લેતા, તેમાં જણાવેલ છે કે,'' હું કશુ ભણેલ નથી. મને ગુજરાતી લખતા વાચતા આવડતુ નથી. ખેતીનું અને ગાય–ભેંસનુ કામ કરીએ છીએ એ સિવાય કાંઈ કામ કરતા નથી. હું આધાર કાર્ડ, પાન કાર્ડ અને બેંકમાં ખાતુ ધરાવુ છું. એ વાત ખરી છે કે, હુ પશુપાલનનો ધંધો કરુ છું આ વાત મે ફરીયાદમાં જણાવેલ નથી. મહીને દર મહીને આવક નથી થતી પણ વાર્ષિક આવક ૬ થી ૭ લાખ રૂ. હોય છે. ખેતીનો ખર્ચો બાદ કરતા વાર્ષિક મારી આવક ૬ થી ૭ લાખ રૂપીયા છે.મારા ઘરમાં મારા આધારીત ૫ વ્યકિત છે. સદર ફરીયાદીને સવાલ પુછવામાં આવેલ કે, ૬ થી ૭ લાખ રૂપીયામાંથી તમારે બચત કેટલી થાય છે ? તેના જવાબમાં ફરીયાદી જણાવે છે કે, ૬ થી ૭ લાખ રૂપીયા મારી બચત જ છે. એ વાત ખરી છે કે, આરોપી શું ધંધો કરે છે, આ વાત મારી ફરીયાદમાં જણાવેલ નથી. સદર ફરીયાદીને સવાલ પુછવામાં આવેલ કે, તમે તમારી ફરીયાદમાં, નોટીસ, કે સરતપાસમાં એવું જણાવેલ નથી કે, આરોપી સાથે તમારે કેવી રીતે અને કેટલા વખતથી મિત્રતા હતી ? જેના જવાબમાં ફરીયાદી જણાવે છે કે, એ વાત ખરી છે કે, ફરીયાદમાં, નોટીસ, કે સરતપાસમાં એવુ જણાવેલ નથી કે, આરોપી સાથે કેટલા વખતથી મિત્રતા હતી, સાહેદ સ્વેચ્છાએ જણાવેલ છે કે, દસ વર્ષ જુની મિત્રતા હતી. એ વાત ખરી છે કે, હું

આટલા વર્ષથી બચત કરતો હોવા છતા રીટર્ન ભરતો નથી. ફરીયાદીને સવાલ પુછવામાં આવેલ કે, તહોમતદારે મે – ૨૦૨૨ માં તમારા ઘરે કેટલા વાગ્યે, કઈ તારીખે, એકલા આવેલા કે કોઇની સાથે આવેલા તેવી કોઇ હકીકત તમારી નોટીસ, ફરીયાદ, કે સરતપાસમાં જણાવેલ નથી ? જેના જવાબમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, હું આ વાત જણાવેલ નથી. ફરીયાદીને સવાલ પુછવામાં આવેલ કે, મે,જુન – ૨૦૨૨ માં કઈ તારીખે કોની રૂબરૂમાં રૂ.૨,૫૦,૦૦૦/– આપેલા, આ વાત તમે તમારી ફરીયાદ, નોટીસ કે સરતપાસમાં જણાવેલ નથી ? જેના જવાબમાં ફરીયાદી જણાવે છે કે, એ વાત ખરી છે કે, મે , જુન– ૨૦૨૨ માં કઈ તારીખે, કોની રૂબરૂમાં રૂ.૨,૫૦,૦૦૦/– આપેલા, એ મે મારી ફરીયાદ, નોટીસ કે સરતપાસમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, એ પૈસા મને પાછા મળ્યા ન હતા. એ વાત ખરી છે કે, હું મારી બચતના પૈસા ઘરે જ રાખુ છું. એ વાત ખરી છે કે, આ પૈસા હું કોઈના જોડે થી લઈને આવ્યો હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, તહોમતદાર પાસે કઈ તારીખે, કેટલા વાગ્યે, રૂ.૭ લાખની ઉઘરાણી કરવા ગયેલા, એ વાત હુ મારી નોટીસ, ફરીયાદ કે સરતપાસમાં જણાવેલ નથી. સદર ફરીયાદીને સવાલ પુછવામાં આવેલ કે, સામાન્ય રીતે કોઈ વ્યકિત બીજી કોઈ વ્યકિતને હાથ ઉછીના નાણાં આપે અને પાછા ન આવ્યા હોય તો તેને ફરીથી એ નાણાં બીજા ઉછીના નાણાં આપે નહી ?જે સવાલના જવાબમાં ફરીયાદી જણાવે છે કે, વિશ્વાસ અને ભરોસાના લીધે મિત્રતામાં પૈસા આપેલા. એ વાત ખરી નથી કે, ડમ્પર નં જીજે ૭વાય ઝેડ ૯૨૮૬ મારી માલીકીનુ છે. એ વાત ખરી છે કે આ ડમ્પર મારા કાકાના છોકરાનુ હતુ. એ વાત ખરી નથી કે, આ કામનો આરોપી આ ડમ્પર ઉપર ડ્રાયવર તરીકે આવતો હતો. એ વાત ખરી નથી કે, આરોપી સદર ડમ્પરનો ડ્રાયવર તરીકે આવતો હોવાથી હું તેમને ઓળખુ છું. એ વાત ખરી છે કે, મારો મોબાઈલ નં ૬૩૫૩૬૫૧૮૬૪ છે. એ વાત ખરી નથી કે, તુહીબા એન્ટરપ્રાઈઝના નામે હું અને આરોપી વિજયભાઈ રેતીનો ધંધો કરતા હતા. ફરીયાદીને સવાલ પુછવામાં

આવેલ કે, સામાન્ય રીતે કોઈ પણ વ્યકિત નાણાં ધીરતા પહેલા હાથ ઉછીના નાણાં લેનારની , પાછા નાણા આપવાની શકિત ધરાવે છે કે કેમ તે જાણી તે મુજબ નાણાં ધીરે ? તેના જવાબમાં ફરીયાદી જણાવે છે કે, મારા ભાઈ કરતા વિશેષ હતા એના લીધે નાણાં આપેલા. એ વાત ખરી છે કે, આ ચેક સિવાય કોઈ લખાણ, સિકયુરીટી કે જામીન કરાવેલ નથી. "

(૨૨) વધુમાં રીસ્પોન્ડન્ટ /મૂળ ફરીયાદીના વિ.વ.શ્રીએ **આંક–૨૬ થી** રજૂ તેમની લેખિત દલીલોમાં જણાવેલ છે કે, રીસ્પોન્ડન્ટે/મુળ ફરીયાદીએ આ કામના એપેલન્ટ/મુળ આરોપી સામે નેગોશીએબલ ઈન્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેની ફરીયાદ માતરના વિધ્વાન એડી.જયુ.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં સી.સી નં.૫૬૮/૨૦૨૧ થી દાખલ કરેલી જે બંન્ને પક્ષકારોના રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા તથા પુરાવાને આધારે મેરિટ પર નામદાર કોર્ટમાં કેસ ચાલી જતા નામદાર નીચલી અદાલતે તારીખઃ ૦૨/૦૪/૨૦૨૪ ના રોજ આ કામના એપેલન્ટ (મુળ આરોપી) નાઓની સામે દાખલ કરેલ મજકુર નંબર વાળા કેસમાં તકસીર વાન ઠેરવી આરોપીને રૂા.૭,૦૫,૦૦૦/–નો દંડ ફરમાવવામાં આવેલ તેમજ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭(૩) અન્વયે આરોપીએ આ કામના ફરિયાદીને વળતર પેટે રૂા.૭,૦૦,૦૦૦/– ચુકવી આપવા અને બાકી રહેતી રકમ સરકાર ખાતે જમા કરવાનો હુકમ કરેલ. જો આરોપી વળતરની રકમ ચૂકવવામાં કસૂર કરે તો વધુ છ(૬) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ, રીસ્પોડન્ટ (મુળ ફરીયાદી) ની તરફેણમાં નામદાર નીચલી અદાલતે કરેલ છે. જે હુકમ યોગ્ય ન્યાયોચિત કાયદામાં જણાવેલી જોગવાઈઓનું પાલન કરાવતો નામદાર નીચલી અદાલતે કરેલ છે. જે હુકમની વિરૂદ્ધ જઈ સદર અપીલ હાલના એપેલન્ટે દાખલ કરેલ છે. પોતાની ફરીયાદના સમર્થનમાં આંક–૩ થી અસલ દસ્તાવેજો રજુ કરેલ છે. તેમજ આંક:૪ થી ફરીયાદીની સરતપાસનું સોગંદનામું રજુ થયેલ છે. જયારે, **આંક:૧૮ થી અરજદાર: વિજયકુમાર ભીખાભાઈ બારૈયા**ની ઉલટ તપાસ કરવામાં

આવેલ છે. સદરહુ ઉલટ તપાસમાં આ કામના અરજદારે સ્પષ્ટપણે એ હકીકત કબુલ કરેલ છે કે, આંક–૧૧ વાળો ચેક મને બતાવવામાં માવે છે જે મારી બેન્કના ખાતાનો અને મારી સહીવાળો છે. તથા નીચેની કોર્ટમાં **આંક:૨૦** થી આ કામના **અરજદારના પીતા ભીખાભાઈ છગનભાઈ બારૈયા** તેમની ઉલટ તપાસમાં એ હકીકત સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે,આંક–૧૧ વાળો ચેક મારા પુત્ર વિજયકુમાર ભીખાભાઈ બારૈયા ના ખાતાનો અને તેમની સહીનો છે. આમ, આ કામના અરજદાર વિજયકુમાર ભીખાભાઈ બારૈયાઓએ તથા તેમના સાહેદ ભીખાભાઈ છગનભાઈ બારૈયા આ કામમાં રજુ થયેલ આંક–૧૧ વાળા ચેકની સહીનો સ્પષ્ટપણે કબુલ કરેલ છે. આમ, જયારે ચેક ઉપરની સહીનો સ્પષ્ટ સ્વીકાર કરવામાં આવે તો કોર્ટ ધ્વારા એવુ માનવામાં આવશે કે ચેક અવેજ પેટેનો છે તથા જયારે ચેક આપવામાં આવેલ હોય અને ચેક ઉપરની સહી કબુલેલ હોય તો કોર્ટ એવું માનશે કે તે ચેક કાયદેસરના લેણાં પેટેનો છે. તથા એવીડન્સ એકટની કલમ ૧૧૪ તથા એન. આઈ. એકટની કલમ ૧૩૯ તથા ૧૧૮ નુ અનુમાન ફરીયાદીની તરફેણમાં થાય.

આ સંદર્ભે રીસ્પોન્ડન્ટ/મુળ ફરીયાદી તરફે રજુ થયેલ **એપીએસ ફોરેક્ષ સર્વીસીસ પ્રાઈવેટ લીમીટેડ વિરૂધ્ધ શકિત ઈન્ટરનેશનલ ફેશન લીન્કર્સ**– નો ચુકાદો વંચાણે લેતા, તેમાં જણાવેલ હકીકતો તથા હાલના કેસની હકીકતો એકબીજા સાથે સુસંગત જણાતી હોય, સદર ચુકાદો હાલના રીસ્પોન્ડન્ટને મદદરૂપ થતો હોવાનું જણાય છે.

વળી, આ કામમાં અરજદારે આંક–૧૮ તથા આંક–૨૦ થી વિધ્વાન ટ્રાયલ કોર્ટમાં સર તપાસનું એફીડેવીટ રજુ કરેલ છે, જે વંચાણે લેવામાં આવે તો, આંક–૧૮ વાળી સરતપાસ એફીડેવીટમાં લખેલ છે કે સામાવાળાએ અરજદાર પાસેથી બે કોરા તારીખના તથા રકમ લખ્યા વગરનો અમારી સહી કરેલો ચેક લીધેલ હતો, તેવું લખેલ છે. જયારે આંક–૨૦ વાળા સાહેદની એફીડેવીટમાં લખેલ છે કે, મારા

દીકરા વિજયકુમાર પાસેથી તેના બેન્ક ખાતાનો એક કોરો તારીખ તથા રકમ લખ્યા વગરનો વિજયની સહી કરેલો ચેક લીધેલો હતો, તેવુ લખેલ છે. આમ, બન્ને એફીડેવીટ વંચાણે લેવામાં આવે તો, એક એફીડેવીટમાં બે ચેક આપેલ છે તેમ લખેલ છે. જયારે બીજી એફીડેવીટમાં એક ચેક આપેલ છે તેમ લખેલ છે. આમ, જુદી જુદી હકીકત વાળી એફીડેવીટ રજુ કરેલ છે, જે પુરાવામાં ધ્યાને લેવાય નહી. આમ અરજદાર તથા તેમના સાહેદ જુદી જુદી હકીકત જણાવે છે જે ધ્યાને લેવાય નહી. આ કામમાં અરજદાર તરફે નીચેની કોર્ટમાં કોઈ સ્વતંત્ર સાહેદને તપાસેલ નથી. નીચેની કોર્ટમાં અરજદારે સાહેદ તરીકે તેમના પિતાને તપાસેલ છે, જે હિત ધરાવનાર પક્ષકાર કહેવાય. તેથી પણ તેમની જુબાની ધ્યાને લઈ પુરાવામાં ગ્રાહય રાખી શકાય નહી. વળી, આ કામમાં સામાવાળાએ અરજદારને આપેલ નોટીસનો કોઈ જવાબ અરજદારે આપેલ નથી જે અંગે અરજદારે તથા તેમના સાહેદે પોતાની ઉલટ તપાસમાં સ્પષ્ટપણે કબુલ કરેલ છે. આમ જયારે કોઈ વ્યકિત આપેલ નોટીસનો જવાબ ન આપે ત્યારે નોટીસમાં જણાવેલ હકીકત તે વ્યકિત સ્વીકારે છે તેમ કહેવાય. આમ, ઉપરોકત હકીકતવાળી દલીલો ધ્યાને લઈ તથા આ કામમાં રજુ કરેલ ચુકાદા ધ્યાને લઈ તથા નીચલી કોર્ટમાં રજુ કરેલા પુરાવા ધ્યાને લઈ નીચેની કોર્ટે સી.સી.નં. ૫૬૮/૨૦૨૨માં કરેલ હુકમ આથી કાયદેસરનો અને વ્યાજબી હુકમ કરેલ છે.

વધુમાં નામદાર નીચલી અદાલતે તેમના આપેલ જજમેન્ટમાં પેરા નં. ૧૧ માં એપેલન્ટે અપીલ દરમિયાન કે નીચલી અદાલતે કરેલ હુકમ દરમિયાન ઉપસ્થિત કરેલ તમામ મુદ્દાઓની ઝીણવટ ભરી છણાવટ કરી પુરાવાનું મુલ્યાંકન કરી અને આખરી હુકમ કરેલ હોય જેથી એપેલન્ટને હવે આવા મુદ્દાઓ ઉઠાવવાનો કોઈ હક અધિકાર રહેતો નથી.

સદર કામે રીસ્પોન્ડન્ટે આંક–૪ થી પુરાવાનું એફીડેવીટ આંક–૧ વાળી ફરીયાદના સમર્થનમાં રજૂ કરેલ છે. રીસ્પોન્ડન્ટની

આંક–૪ થી રજૂ થયેલ જુબાની જોતા, રીસ્પોન્ડન્ટે આંક–૧ વાળી ફરીયાદને સમર્થન આપેલ છે. ત્યારબાદ આંક–૧ અને ૪ ની પુરાવા એફીડેવીટ જોતા, રીસ્પોન્ડન્ટ અને એપેલન્ટ મીત્ર થતા હોય, મીત્રતાના નાતે,આરોપીને ધંધાના કામે નાણાંની જરૂરીયાત હોય, કુલ્લે રૂા.૭,૦૦,૦૦૦/– આપેલા અને ત્યારબાદ ફરિયાદીએ આરોપી પાસેથી ઉઘરાણી કરતાં આરોપીએ તા.૦૮/૦૮/૨૦૨૨ ના રોજનો ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, લી. શાખા લીંબાસી તાલુકો માતર, જી.ખેડા તેમના ખાતાનો રૂા.૭,૦૦,૦૦૦/– પુરાનો ચેક નં."૦૦૦૦૦૫" નો ચેક સહી કરીને અને તારીખ નાખીને આપેલાનું નિર્વીવાદ રીતે જણાય આવે છે.

(૨૨.૧) આ કામના એપેલન્ટના વિધ્વાન વકીલશ્રી દ્વારા રીસ્પોડન્ટ/મુળ ફરીયાદીની ઉંડાણ પુર્વકની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં એપેલન્ટે **આંક:૧૮ થી અરજદાર: વિજયકુમાર ભીખાભાઇ બારૈયા**ની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. સદરહું ઉલટ તપાસમાં આ કામના અરજદારે સ્પષ્ટપણે એ હકીકત કબુલ કરેલ છે કે, આંક–૧૧ વાળો ચેક મને બતાવવામાં આવે છે જે મારી બેન્કના ખાતાનો અને મારી સહીવાળો છે. તથા નીચેની કોર્ટમાં **આંક:૨૦** થી આ કામના **અરજદારના પીતા ભીખાભાઈ છગનભાઈ બારૈયા** તેમની ઉલટ તપાસમાં એ હકીકત સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે, આંક–૧૧ વાળો ચેક મારા પુત્ર વિજયકુમાર ભીખાભાઈ બારૈયા ના ખાતાનો અને તેમની સહીનો છે. આમ, આ કામના અરજદાર વિજયકુમાર ભીખાભાઈ બારૈયાઓએ તથા તેમના સાહેદ ભીખાભાઈ છગનભાઈ બારૈયા આ કામમાં રજુ થયેલ આંક–૧૧ વાળા ચેકની સહીનો સ્પષ્ટપણે કબુલ કરેલ છે. આમ, જયારે ચેક ઉપરની સહીનો સ્પષ્ટ સ્વીકાર કરવામાં આવે તો કોર્ટ ધ્વારા એવુ માનવામાં આવશે કે ચેક અવેજ પેટેનો છે તથા જયારે ચેક આપવામાં આવેલ હોય અને ચેક ઉપરની સહી કબુલેલ હોય તો કોર્ટ એવું માનશે કે તે ચેક કાયદેસરના લેણાં પેટેનો છે. તથા એવીડન્સ એકટની કલમ ૧૧૪ તથા એન. આઇ. એકટની કલમ ૧૩૯ તથા ૧૧૮ નુ અનુમાન ફરીયાદીની

તરફેણમાં થાય. વળી, રીસ્પોન્ડન્ટ તરફે રજુ થયેલ : એપીએસ ફોરેક્ષ સર્વીસીસ પ્રાઈવેટ લીમીટેડ વિરૂધ્ધ શકિત ઈન્ટરનેશનલ ફેશન લીન્કર્સ–ના કેસમાં પણ સુપ્રીમ કોર્ટે આપેલ ચુકાદાથી પણ ઉપરોકત હકીકત ફલિત થાય છે. આમ, એપેલન્ટ દ્વારા પોતાનો ચેક છે અને તેમાં સહી પણ પોતાની છે, તે અંગેનો કોઈ વિરોધ નોંધાયેલ ન હોય, ચેક મારો પણ નથી ને તેમાં સહી મારી નથી તેનો કોઈ બચાવ નથી. એન.આઈ એકટની કલમ– ૧૩૮ ની સાથે કલમ ૨૦ ની જોગવાઈ જોતા, વટાવ ખતમાં સહી કરીને આપનાર તેમાં જણાવેલ તમામ હકીકત તે ચેકમાં સહી કરનારને કબુલ મંજૂર અને બંધન કર્તા છે અને ચેકમાં લખ્યા મુજબની તમામ જવાબદારી નિભાવવા તેમાં સહી કરનાર બંધાયેલા છે. વધુમાં એપેલન્ટનો જ્યારે ચેકમાં પોતાની સહી નથી એવો બચાવ ન હોય ત્યારે તેવા સંજોગોમાં એન.આઈ એકટની કલમ – 118 તથા 139 ની જોગવાઈ જોતા એવું અનુમાન કરવામાં આવેલ છે કે ચેક એપેલન્ટ દ્વારા તેની કાયદેસરની જવાબદારી ચુકવવા ચેકના ધારણ કરનારને તેની માંગણી લેણી રકમ વસુલ કરવા માટે આપવામાં આવેલ છે. આની વિરૂદ્ધની હકીકતો રીબ્યુટ કરવાની જવાબદારી તે ચેક લખનારના શીરે છે અને આ કામના એપેલન્ટ આ હકીકત સાબિત કરવામાં સંદન્તર નિષ્ફળ ગયેલ છે.

(૨૨.૨) સદર કામે રીસ્પોન્ડન્ટ દ્વારા એપેલન્ટને આપવામાં આવેલો ચેક બેન્કમાં ડિપોઝીટ કરવાતા તે ચેક ફંડ ઈનસફીશીયન્ટ ના શેરા સાથે પરત આવેલ છે, જે બેન્ક દ્વારા આપવામાં આવેલો રીર્ટન મેમો જે સદર કામે જે આંક–૧૨ થી રજૂ કરેલ છે. આમ, અપુરતા ભંડોળથી ચેક પરત આવેલ હોય તો તે ચેકના ધારણ કરનારને એન.આઈ એકટની કલમ– 138 મુજબની ફરીયાદ દાખલ કરવા માટે પુરતું કારણ હોવાનો અનુમાન કોર્ટે કરવાનો રહેશે અને જે ચેક આપનારે ચેકના ધારણ કરનારને એટલે કે રીસ્પોન્ડન્ટને કોઈ દેવા કે

જવાબદારી પેટે આપવામાં આવેલ નથી તેવું સાબિત કરવાની કે રીસ્પોડન્ટ તરફે કોર્ટે કરેલ અનુમાન રિબ્યુટ કરવાની જવાબદારી એપેલન્ટના શીરે છે. આમ, સદર કામમાં રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા જોતા, એપેલન્ટે ઉલટ તપાસમાં લીધેલ બચાવમાં જણાવેલ છે કે, આંક:૧૧ વાળો ચેક તેમની બેંકના ખાતાનો અને તેમની સહીવાળો છે, ચેક રીટર્ન થતા વકીલશ્રી મારફતે તેમને નોટીસ આપવામાં આવતા તે બજી ગયેલ અને નોટીસનો તેઓએ કોઈ જવાબ આપેલ નથી. આમ, દસ્તાવેજની તારીખથી ચેકની પાકતી તારીખ વચ્ચે આશરે ચાર એક મહિના વધુ સમયનો ગાળો વિતેલ છે. તે દરમ્યાન આ કામના એપેલન્ટ દ્વારા ચેકનો પેમેન્ટ ન કરવા બેન્કમાં કોઈ સુચના આપેલ નહી કે ચેકનો કોઈ સ્ટોપ પેમેન્ટ કરાવેલ નથી. રીસ્પોન્ડન્ટને ચેક ડિપોઝીટ ન કરવા કોઈ લિગલ નોટીસ આપેલ નથી કે અન્ય કોઈ પણ બીજી કાર્યવાહી ચેકનો પેમેન્ટ અટકાવવા માટે એપેલન્ટ દ્વારા કરવામાં આવેલ નથી અને સદર ફરીયાદવાળો ચેક રીસ્પોડેન્ટે તેમના કાયદેસરના માંગતા લેણા પેટે મેળવેલ હોય જેથી રીસ્પોન્ડન્ટ સદર ચેકના કાયદેસરના પ્રર્યાનુક્રમ ધારણકર્તા બને છે. જે નિ:શંકપણે રીસ્પોન્ડન્ટે સાબિત કરેલ છે અને એપેલન્ટ દ્વારા ચેક દેવાની જવાબદારી પેટે આપવામાં આવેલ નથી તે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે.

સદર કામે એન.આઈ એકટની કલમ– ૧૩૮ તથા ૧૩૯ ની જોગવાઈઓ સાથે વાચતા "જ્યાં સુધી વિપરીત કે વિરૂદ્ધનું પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એવું અનુમાન કરવામાં આવશે કે ચેકનો ધારણ કર્તા પાસે ચેક કોઈ દેવું કે જવાબદારી અદા કરવા અન્વયે તે ચેક લખી આપનારને લખીને આપેલ છે." આમ, એન.આઈ એકટની કલમ ૧૩૯ ની જોગવાઈ મુજબ ચેકમાં સહી હોય અને તે અપુરતા ભંડોળની પરત આપેલ હોય તો ચેકના ધારણકર્તા ની તરફેણમાં અનુમાન કરવાનું રહેશે તેના વિરૂધ્ધનું અનુમાન કે રીબ્યુટ ચેક લખનારે સાબિત કરવાનું રહેશે. સદર કામે આ કામના એપેલન્ટ દ્વારા એન. આઈ. એકટની કલમ– ૧૩૮ તથા ૧૩૯ ની જોગવાઈનું

અનુમાન રિબ્યુટ કરવામાં સદંત્તર નિષ્ફળ ગયેલ છે અને રીસ્પોન્ડન્ટે ચેકના કાયદેસર રીતે પ્રથાનુક્રમે પારણકર્તા બનેલા છે, તે નિ:શંકપણે પુરવાર કરેલી છે. આ કામના એપેલન્ટને આપવામાં આવેલી એન.આઈ એક્ટની કલમ-૧૩૮ (બી) અન્વયેની નોટીસની બજવણી કાયદેસર રીતે થઈ ગયેલ છે અને જેના પુરાવા રૂપે આંક- ૧૪ થી આર.પી.એ.ડી. ની સફેદ વિન્ડો પાવતી તથા આંક- ૧૫ થી નોટીસ બજવાની એકનોલેજમેન્ટ તથા આંક-૧૬ થી નોટીસ બજયા અંગેનો પોષ્ટનો ટ્રેકીંગ રીપોર્ટ રજૂ કરેલ છે, જેમાં ડિલિવરી કન્ફર્મ જણાવેલ છે. તેમજ આરોપીના લીધેલ એફ.એસ. માં એપેલન્ટને પુછવામાં આવેલ છે કે નોટીસ અંગે તમારે શું કહેવું છે. તો એપેલન્ટે નામદાર કોર્ટમાં વધારાના નિવેદનમાં એવું જણાવે છે "આરોપીને નોટીસ મળતા ફરીયાદીને તેઓ રૂબરૂ મળેલા તે વખતે પણ ફરીયાદીએ તેઓને વિશ્વાસ આપી તેમની સાથે દગો કરેલ છે.'' એટલે કે એપેલન્ટ દ્વારા નોટીસ બજયાનો સ્વીકાર કરવામાં આવેલો છે. આમ આપેલન્ટને નોટીસ બજી ગયેલ છે. તે રીસ્પોડન્ટ દ્વારા નિશંકપણે સાબિત કરવામાં આવેલી છે અને એપેલન્ટ દ્વારા નોટીસ મળ્યાનો સ્વીકાર પણ કરવામાં આવેલ છે. તેમજ વધુમાં એપેલન્ટને જે સરનામે નોટીસ બજાવેલ છે. તે સરનામે આંક-૧ વાળી ફરીયાદ દાખલ કરેલી છે અને તે ફરિયાદમાં જણાવેલ સરનામે સદર કામનો સમન્સ બજતા નામદાર કોર્ટમાં હાજર થયેલ છે. જેથી તે હકીકત પણ રીસ્પોન્ડન્ટ દ્વારા એપેલન્ટને સાચા સરનામે નોટીસ બજાવેલ છે. તે સાબિત થાય છે. તેમજ એપેલન્ટ આવી સ્ટેચ્યુટરી નોટીસ કે જે કલમ - ૧૩૮ (બી) અન્વયેની અપાયેલ હોય અને એપેલન્ટ તેનો જવાબ ન આપે તો રીસ્પોન્ડન્ટના કેસમાં મેરીટસ છે તે એપેલન્ટ તેનો બચાવ નોટીસના જવાબના સ્વરૂપમાં રીસ્પોન્ડન્ટને આપે નહી તે રીસ્પોડન્ટના કેસ મેરીટસના આધારે સાબિત થયેલો છે તે નિશંકપણે પુરવાર થયેલ છે તેમ માનવામાં આવશે.

(૨૨.૩) આમ, સદર કામે એપેલન્ટ/મુળ આરોપીને રીસ્પોન્ડન્ટ એટલે કે આ કામના ફરીયાદીએ મીત્રતાના નાતે ધંધાના કામે

રૂા.૭,૦૦,૦૦૦/- આપેલા અને સદર રકમની ઉઘરાણી કરતા આ કામના એપેલન્ટે તા.૮/૮/૨૦૨૨ ના રોજનો તેમની બેંકનો ચેક સહી કરીને અને તારીખ નાખીને આપેલ. તે હકીકત રજુ થયેલ પુરાવા ધ્વારા સાબિત કરવામાં આવેલ છે. આમ એપેલન્ટ ધ્વારા તેમની દેવાની જવાબદારી પેટે ચેક રીસ્પોન્ડન્ટને આપેલો તે નિઃશંકપણે રીસ્પોન્ડન્ટે સાબિત કરેલ છે. તેના વિરૂધ્ધનું અનુમાન પુરવાર કરવામાં એપેલન્ટ નિષ્ફળ ગયેલ છે અને ચેક, દેવું અને જવાબદારી પેટે આપવામાં આવેલો ન હતો તે સાબિત કરવાની જવાબદારી એપેલન્ટની છે, એટલે કે જયાં સુધી કાયદેસરના પુરાવાના આધારે રીસ્પોન્ડન્ટની ફરીયાદ હકીકત અને દસ્તાવેજી પુરાવાનો ખંડન કરવામાં ન આવે ત્યાં સધી એન.આઈ એકટની કલમ- ૧૧૮ અને ૧૩૯ મુજબ કાયદાકીય અનુમાનનો રીબ્યુટ કરવાનો બોજો એપેલન્ટના શીરે છે. આમ ઉપરોક્ત મુજબની રીસ્પોન્ડન્ટ/મુળ ફરીયાદી ની નામદાર નીચલી અદાલતમાં આપેલ સમગ્ર પુરાવો તેમજ રજૂ કરેલ તમામ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધેલા છે અને જેનો એપેલન્ટ ધ્વારા રિબ્યુટ કરવામાં નિષ્ફળ ગયેલ હોય, તે તમામ દસ્તાવેજી પુરાવા તેમજ સાક્ષીની જુબાની તથા ઉલટ તપાસ જોતા તેમજ રીસ્પોન્ડન્ટે નામદાર નીચલી અદાલતમાં કરેલ દલીલો તથા તે સાથે રજૂ કરેલ નામદાર સર્વોચ્ચ અદાલત તથા ઉચ્ચ અદાલતના રજૂ કરેલ તમામ જજમેન્ટો નામદાર નીચલી અદાલતે માનસહ વંચાણે લઈ આ કામના એપેલન્ટ (મુળ આરોપી)ને તારીખઃ ૦૨/૦૪/૨૦૨૪ ના રોજ આ કામના એપેલન્ટ (મુળ આરોપી) નાઓની સામે દાખલ કરેલ મજકુર નંબર વાળા કેસમાં તકસીર વાન ઠેરવી આરોપીને રૂા.૭,૦૫,૦૦૦/-નો દંડ ફરમાવવામાં આવેલ તેમજ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૩૫૭(૩) અન્વયે આરોપીએ આ કામના ફરિયાદીને વળતર પેટે રૂા.૭,૦૦,૦૦૦/- ચુકવી આપવા અને બાકી રહેતી રકમ સરકાર ખાતે જમા કરવાનો હુકમ કરેલ. જો આરોપી વળતરની રકમ ચૂકવવામાં કસૂર કરે તો વધુ

છ(૬)માસની સાદી કેદની સજા ભોગવવાનો કરેલ હુકમ કાયદેસરનો, યોગ્ય, ન્યાયોચિત જણાય આવે છે.

(૨૩) વધુમાં એન.આઈ એકટની કલમ–૧૩૮ ની સાથે કલમ ૨૦ ની જોગવાઈ જોતા, વટાવ ખતમાં સહી કરીને આપનાર તેમાં જણાવેલ તમામ હકીકત તે ચેકમાં સહી કરનારને કબુલ મંજૂર અને બંધન કર્તા છે અને ચેકમાં લખ્યા મુજબની તમામ જવાબદારી નિભાવવા તેમાં સહી કરનાર બંધાયેલા છે. વધુમાં એપેલન્ટનો જ્યારે ચેકમાં પોતાની સહી નથી એવો બચાવ ન હોય ત્યારે તેવા સંજોગોમાં એન.આઈ એકટની કલમ – ૧૧૮ તથા ૧૩૯ ની જોગવાઈ જોતા એવું અનુમાન કરવામાં આવેલ છે કે ચેક એપેલન્ટ દ્વારા તેની કાયદેસરની જવાબદારી ચુકવવા ચેકના ધારણ કરનારને તેની માંગણી લેણી રકમ વસુલ કરવા માટે આપવામાં આવેલ છે. આની વિરૂદ્ધની હકીકતો રીબ્યુટ કરવાની જવાબદારી તે ચેક લખનારના શીરે છે અને આ કામના એપેલન્ટ આ હકીકત સાબિત કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. સદર કામે એપેલન્ટ દ્વારા રીસ્પોન્ડન્ટને આપવામાં આવેલો ચેક બેન્કમાં ડિપોઝીટ કરવાતા તે ચેક ફંડ ઈનસફીશીયન્ટ ના શેરા સાથે પરત આવેલ છે, જે બેન્ક દ્વારા આપવામાં આવેલો રીર્ટન મેમો આંક–૧૨ થી રજૂ કરેલ છે. આમ, અપુરતા ભંડોળથી ચેક પરત આવેલ હોય તો તે ચેકના ધારણ કરનારને એન.આઈ એકટની કલમ– ૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરવા માટે પુરતું કારણ રહે છે અને જે ચેક આપનારે ચેકના ધારણ કરનારને એટલે કે રીસ્પોન્ડન્ટને કોઈ દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલ નથી, તેવું સાબિત કરવાની કે રીસ્પોડન્ટ તરફે કોર્ટે કરેલ અનુમાન રિબ્યુટ કરવાની જવાબદારી એપેલન્ટના શીરે છે. આમ, સદર કામમાં રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા જોતા, આ કામના એપેલન્ટ દ્વારા ચેકનો પેમેન્ટ ન કરવા બેન્કમાં કોઈ સુચના આપેલ નહી કે ચેકનો કોઈ સ્ટોપ પેમેન્ટ કરાવેલ નથી. રીસ્પોન્ડન્ટને ચેક ડિપોઝીટ ન કરવા કોઈ લિગલ

નોટીસ આપેલ નથી કે અન્ય કોઈ પણ બીજી કાર્યવાહી ચેકનો પેમેન્ટ અટકાવવા માટે એપેલન્ટ દ્વારા કરવામાં આવેલ નથી અને એપેલન્ટ દ્વારા ચેક દેવાની જવાબદારી પેટે આપવામાં આવેલ નથી તે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. સદર કામે જ્યાં સુધી વિપરીત કે વિરૂદ્ધનું પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એવું અનુમાન કરવામાં આવશે કે ચેકનો ધારણ કર્તા પાસે ચેક કોઈ દેવું કે જવાબદારી અદા કરવા અન્વયે તે ચેક લખી આપનારને લખીને આપેલ છે. સદર કામે આ કામના એપેલન્ટ દ્વારા એન આઈ એકટની કલમ–૧૧૮,૧૩૯ ની જોગવાઈનું અનુમાન રિબ્યુટ કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. તેમજ આ કામના એપેલન્ટને આપવામાં આવેલી એન.આઈ એક્ટની કલમ– ૧૩૮ (બી) અન્વયેની નોટીસની બજવણી કાયદેસર રીતે થઈ ગયેલ છે અને જેના પુરાવા રૂપે આંક–૧૪ થી આર.પી.એ.ડી. ની સફેદ વિન્ડો પાવતી તથા આંક– ૧૫ થી નોટીસ બજયાની પોષ્ટ ખાતાની એકનોલેજમેન્ટ સ્લીપ તથા આંક–૧૬ થી નોટીસ બજયાનો પુરાવો પોષ્ટ દ્વારા આપવામાં આવતો ટ્રેક રીપોર્ટ રજૂ કરેલ છે, જેમાં ડિલિવરી કન્ફર્મ જણાવેલ છે. આમ એપેલન્ટને નોટીસ બજી ગયેલ છે. તે હકીકત રીસ્પોડન્ટ દ્વારા નિશંકપણે સાબિત કરવામાં આવેલી છે અને એપેલન્ટ દ્વારા નોટીસ મળ્યાનો સ્વીકાર પણ કરવામાં આવેલ છે. તેમજ વધુમાં એપેલન્ટને જે સરનામે નોટીસ બજાવેલ છે. તે સરનામે આંક–૧ વાળી ફરીયાદ દાખલ કરેલી છે અને તે ફરિયાદમાં જણાવેલ સરનામે સદર કામનો સમન્સ બજતા નામદાર કોર્ટમાં હાજર થયેલ છે. જેથી તે હકીકત પણ રીસ્પોન્ડન્ટ દ્વારા એપેલન્ટને સાચા સરનામે નોટીસ બજાવેલ છે. આમ,એપેલન્ટને આવી સ્ટેચ્યુટરી નોટીસ કે જે કલમ –૧૩૮(બી) અન્વયેની અપાયેલ હોય અને એપેલન્ટ તેનો જવાબ ન આપે તો રીસ્પોન્ડન્ટના કેસમાં મેરીટસ છે તે એપેલન્ટ તેનો બચાવ નોટીસના જવાબના સ્વરૂપમાં રીસ્પોડન્ટને આપે નહી તે રીસ્પોડન્ટના કેસ મેરીટસના આધારે સાબિત થયેલો છે તે નિશંકપણે પુરવાર થયેલ છે. સદર કામે એપેલન્ટ ધ્વારા રીસ્પોન્ડન્ટ પાસેથી ધંધાર્થે લીધેલ નાણાં પરત આપવાના હોય,

એપેલન્ટ દ્વારા તેની જવાબદારી સ્વીકારી રીસ્પોન્ડન્ટને ફરીયાદ વાળો ચેક આપવામાં આવેલાની હકીકત રજુ ફરિયાદ, દસ્તાવેજી પુરાવા અને પુરાવા એફીડેવીટથી સાબિત થયેલ છે.

(૨૩.૧) સદર કામે રીસ્પોન્ડન્ટના પિતા: ભીખાભાઈ છગનભાઈ બારૈયાના આંક–૨૦ થી રજુ પુરાવાની ઉલટ તપાસ જોતા, રીસ્પોન્ડન્ટના કેસને સમર્થન મળતો પુરાવો રેકર્ડ પર આવેલ છે. તેમજ એપેલન્ટે રીસ્પોન્ડન્ટને એડવાન્સ ચેક આપેલ તે હકીકત સાક્ષી દ્વારા પણ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. આમ, એપેલન્ટ દ્વારા તેમની દેવાની જવાબદારી પેટે ચેક રીસ્પોન્ડન્ટને આપેલો તે નિઃશંકપણે રીસ્પોન્ડન્ટે સાબિત કરેલ છે. તેના વિરૂધ્ધનું અનુમાન પુરવાર કરવામાં એપેલન્ટ નિષ્ફળ ગયેલ છે અને ચેક, દેવું અને જવાબદારી પેટે આપવામાં આવેલો ન હતો તે સાબિત કરવાની જવાબદારી એપેલન્ટની છે એટલે કે જયાં સુધી કાયદેસરના પુરાવાના આધારે રીસ્પોન્ડન્ટની ફરીયાદ હકીકત અને દસ્તાવેજી પુરાવાનો ખંડન કરવામાં ન આવે ત્યાં સધી એન.આઈ એકટની કલમ– ૧૧૮ અને ૧૩૯ મુજબ કાયદાકીય અનુમાનનો રીબ્યુટ કરવાનો બોજો એપેલન્ટના શીરે છે.

(૨૪) આમ,સદર કામે થયેલ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવતા, તકરારી ચેક સમય મર્યાદામાં બેંકમાં ભરવામાં આવેલ છે અને સદર ચેક પરત ફરતા સમય મર્યાદામાં આરોપીને નોટીસ આપેલ અને દિન–૧૫ માં આરોપીએ ફરિયાદીને કોઈ નાણાં ચૂકવેલ હોય તેવું ટ્રાયલ અદાલતનું રેકર્ડ જોતા જણાઈ આવતું નથી. આરોપીએ દિન–૧૫ નો સમય આપવા છતાં ફરિયાદીના નાણાં ચૂકવી નહી આપતા એક માસમાં ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. આમ, ને.ઈ.એકટની કલમ–૧૩૮ અને ૧૪૨ જે જોગવાઈઓનું અત્રે પાલન થાય છે તેવું માનવાને કારણ રહે છે. આ કામે ઉપરોક્ત મૌખિક અને દસ્તાવેજી પુરાવાની ચર્ચા ધ્યાને લેતા, ને.ઈ.એકટની કલમ–૧૩૮ અને ૧૪૨ માં ઠરાવેલ જોગવાઈઓનું ફરિયાદપક્ષે

ચુસ્તપણે પાલન કરેલ હોવાનું જણાય છે. તેવા સંજોગોમાં ફરિયાદપક્ષ પુરાવાના કાયદાની કલમ –૧૧૮ અને ૧૩૯ મુજબ અનુમાન ઉપસ્થિત થાય છે જે રીતે ફરિયાદીની તરફેણમાં કાયદેસરનું લેણું છે અને તકરારી ફરિયાદવાળો ચેક આરોપીએ ફરિયાદીને કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ છે તેવું માનવાને કારણ રહે છે.

રીસ્પોન્ડન્ટ/મુળ ફરીયાદીના વિ.વ.શ્રીએ તેમની આંક– ૨૬ થી રજુ કરેલ લેખીત દલીલના સમર્થનમાં જે ચુકાદા પર આધાર રાખેલ છે, તે ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો, હાથ ઉપરના કામે ટ્રાયલ અદાલત સમક્ષના પડેલ પુરાવા અને તેની આ અદાલત ધ્વારા ઉપરોકત તારણ અને કારણોમાં કરેલ ચર્ચા ધ્યાને લેતા ફરિયાદપક્ષના સદરહું ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત મદદરુપ થાય છે.

(૨૫) વધુમાં આરોપીએ ફરિયાદ પક્ષની ઉલટ તપાસમાં ફરીયાદી કે જેઓ તેમના મીત્ર થતા હોય તેમની પાસેથી નાણાં લીધેલ હોવાનું ઉલટ તપાસમાંથી રેકર્ડ ઉપર આવે છે અને સદરહું નાણાં પૂરેપૂરા ચૂકવી આપેલ હોય તે દર્શાવતો કોઈ જ પુરાવો તેઓએ કે સદરહુ નાણાં ચેક મારફતે, આર.ટી.જી.એસ. કે અન્ય કોઈ પણ મોડ દ્વારા, રોકડેથી ચૂકવેલ હોય તો તે અંગેની રિસીપ્ટ ફરિયાદી પાસેથી મેળવી નાણાં ચૂકવી આપ્યા અંગેની, ફરિયાદીની સહીવાળી રિસીપ્ટનો પુરાવો રજૂ કરી પુરવાર કરેલ નથી. ત્યારે માત્ર શાબ્દિક પુરાવો નામ. સર્વોચ્ચ અદાલતના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબનો પુરાવો ગણી શકાય નહીં અને તે ગ્રાહ્ય રાખી શકાય નહીં.

(૨૬) વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટના રંગપ્પા વિ. શ્રી મોહનના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત ધ્યાને લેતા, અને તે અન્વયે ધી

નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈઓ મુજબનું અનુમાન ફરિયાદીની તરફેણમાં થાય છે તેથી ફરિયાદપક્ષના પુરાવાનું ખંડન કરવાની જવાબદારી આરોપી પક્ષની રહે છે. આ કામમાં આરોપી પક્ષ દ્વારા ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ ફરિયાદીની ઉલટ તપાસમાંથી ખંડનાત્મક પુરાવો રજૂ કરી પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ હોય ટ્રાયલ અદાલત દ્વારા આરોપીને દંડ અને સજાનો કરેલ હુકમ કાયદાકીય જોગવાઈઓ લક્ષમાં લઈને કરવામાં આવેલ હોય ત્યારે ટ્રાયલ અદાલતનો હુકમ ખોટો, ગેરકાયદેસર અને કાયદાકીય જોગવાઈઓ વિરુદ્ધનો હોય તેવું જણાઈ આવતું નથી જેથી ટ્રાયલ અદાલત સમક્ષ રજૂ પુરાવાની ઉપરોક્ત મૂલવણી ધ્યાને લેતા ને.ઈ.એક્ટની કલમ-૧૩૮ મુજબ ગુનો આરોપી સામે પુરવાર થયેલાનું માની ને.ઈ.એક્ટની કલમ-૧૩૯ અને ૧૧૮ નું ફરિયાદીની તરફેણમાં જે અનુમાન કરેલ છે તે કાયદાકીય જોગવાઈઓ મુજબ છે તેનું ખંડન કરવામાં આરોપી પક્ષ નિષ્ફળ નીવડેલ હોય અને સજા અને વળતર અંગેનો જે હુકમ કરેલ છે તેમાં ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ હુકમ કાયદેસર અને ભૂલ વગરનો હોય તે હુકમમાં હસ્તક્ષેપ કરવો વ્યાજબી અને ઉચિત જણાતું નથી.

(૨૭) આમ, ઉપરોક્ત તમામ ચર્ચા કર્યા મુજબ એપેલન્ટ/મુળ આરોપી સામે જે ગુનાનો આક્ષેપ છે તે આર્થિક ગુનો છે અને તે ધંધાના સામાન્ય ક્રમનો એક ભાગ છે. જો આ પ્રકારના ગુનાને હળવાશથી લેવામાં આવે તો વેપારની અવ્યવસ્થાનું પ્રમાણ વધે અને ચેક કે જે ધંધાનું મહત્વનું ચલણ છે તેને નુકસાન થાય. નામદાર સર્વોચ્ચ અદાલતે પણ **દામોદર પ્રભુ વિ. સૈયદ**ના ચુકાદામાં ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૪૭ અન્વયે આ પ્રકારના ગુનાને ગંભીરતાથી લઈ જે મહત્વની ગાઈડલાઈન આપેલ છે તે ધ્યાને લેતા પણ આરોપીને પ્રોબેશનનો લાભ આપવા પાત્ર યોગ્ય કેસ નથી કે કેસના સંજોગો જોતા હળવી સજા માટેનો પણ કોઈ કેસ નથી. જેથી ઉપરોક્ત ચર્ચાના અંતે **મુદ્દા નં.૧ નો જવાબ**

નકારમાં આપી **મુદ્દા નં.૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવો ન્યાયોચિત માનું છું.

આખરી હુકમ

(૧) એપેલન્ટની ફોજદારી અપીલ નં. ૨૩૬/૨૦૨૪ આથી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) માતરના વિધ્વાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફ.ક. શ્રીએ, ફોજદારી કેસ નં. ૫૬૮/૨૦૨૨ ના કામે આરોપી/એપેલન્ટ: વિજયકુમાર ભીખાભાઈ બારૈયા, રહે. ગાયત્રી નગર, મરાલા, મુ.પો. લીંબાસી, તા.માતર, જી.ખેડા – નાઓ ને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮ માં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૭,૦૫,૦૦૦/– નો દંડ ફરમાવવામાં આવેલ તેમજ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭(૩) અન્વયે આરોપીએ આ કામના ફરિયાદીને વળતર પેટે રૂા.૭,૦૦,૦૦૦/– ચુકવી આપવા અને બાકી રહેતી રકમ સરકાર ખાતે જમા કરવાનો હુકમ કરેલ. જો આરોપી વળતરની રકમ ચૂકવવામાં કસૂર કરે તો વધુ છ(૬) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેલ છે તે હુકમ કાયમ કરવામાં આવે છે.

(૩) અપીલ અદાલતે આંક–૪ ની જામીન અરજી લગત તા. ૦૧ /૦૫/૨૦૨૪ ના રોજ સજા સ્ટે કરવાનો કરેલ હુકમ આથી ઉઠાવી લેવાનો હુકમ કરવામાં આવે છે. અરજદાર/આરોપીએ આપેલ જામીન તથા જામીનખત આથી રદ્દ કરવામાં આવે છે.

(૪) એપેલન્ટ/અરજદાર વિરૂધ્ધ વિધ્વાન ટ્રાયલ કોર્ટે જે સજા ફરમાવેલ છે તે સજા ભોગવવા માટે આરોપીએ વિધ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ તાત્કાલીક હાજર થવું અને આરોપી હાજર થયેથી વિધ્વાન ટ્રાયલ કોર્ટે

આરોપીનું સજા વોરંટ ભરી સજાનો અમલ કરવા માટે સંબંધીત જેલમાં મોકલી આપવા.

(૫) જો એપેલન્ટ/અરજદાર વિધ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર રહેવામાં નિષ્ફળ રહે તો, વિ.ટ્રાયલ કોર્ટને એવી સ્વતંત્રતા રહેશે કે તે આરોપી ઉપર પકડ વોરંટ ઈસ્યુ કરીને પોતાના હુકમ અમલવારી સારૂ જરૂરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

(૬) ફોજદારી કેસ નં.૫૬૮/૨૦૨૨ ના કામે આંક-૩૧ થી તા. ૦૨ /૦૪/૨૦૨૪ નાં રોજ કરેલ હુકમની અમલવારી માટે અસલ રેકર્ડ તાત્કાલીક આગળની કાર્યવાહી અર્થે ટ્રાયલ અદાલત તરફ આ ચુકાદાની નકલ સાથે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) સદર ચુકાદાની એક નકલ આ કામના એપેલેન્ટ/ મુળ આરોપીને વિના મુલ્યે આપવી.

(૮) હુકમ મુજબ હાલની અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આજરોજ તારીખ: સોળમી, માહે: માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી હુકમ જાહેર કર્યો.

નડીયાદ
તા. ૧૬/૦૩/૨૦૨૬

(મુકેશકુમાર જયંતીલાલ બ્રહ્મભટ્ટ)
ચોથા એડીશ્નલ સેશન્સ જજ,
ખેડા-એટ,નડીઆદ.
(જ્યુડી કોડ નં. જી.જે ૦૦૭૫૪)